# 15. ‘મારા ફળીનાં ઝાડવાં બે .....

## સ્વાધ્યાય

1. નીચેના પ્રશ્નોના એક-એક વક્યોમાં ઉત્તર લખો:

1) ફળીનાં ઝાડવાં ક્યાં જવાની વાત કરે છે ?

- ફળીનાં ઝાડવાં દૂર દૂર જંગલમાં જવાની વાત કરે છે.

2) જંગલમાં ઝાડવાને શા માટે જોખમ અનુભવાય છે ?

- જંગલમાં ઓચિંતા કઠિયારા આવી ઝાડવાં પર કુહાડાના ઘા કરે છે, આથી જંગલમાં ઝાડવાને જોખમ અનુભવાય છે

3) ઝાડવાને પોતાનાં ફળ અને છાંયો કોને આપવા છે ?

- ઝાડવાને પોતાના ફળ અને છાંયો પોતાને ખૂબ મહેનતથી જળ સીંચીને ઉછેરનારને આપવાં છે.

4) ‘મારા ફળીનાં ઝાડવાં બે ....’ કાવ્યને અંતે ઝાડવાં દ્વારા કઈ સુંદર ભાવના વ્યક્ત થઈ છે ?

- ‘મારા ફળીનાં ઝાડવાં બે .....’ કાવ્યને અંતે ઝાડવાં દ્વારા આ સુંદર ભાવના વ્યક્ત થઈ છે : માનવજીવનની સાર્થકતા અન્યને ઉપયોગી થવામાં છે.

2. નીચેના પ્રશ્નોના મુદ્દાસરઉત્તર લખો :

1) પહેલા ઝાડવાને ફળિયું છેડીને શા માટે જંગલમાં જવું છે ?

- પહેલા ઝાડવાને ફળિયું છેડીને જંગલમાં જવું છે; કારણ કે એનાથી ભાઈભાંડું(સ્વજનો)નો વિયોગ સહન થતો નથી. તેને અહીં એકલવાયું લાગે છે. જંગલમાં તો પોતાની નાત છે.